પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૮૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૭-૦૩-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઈસરોની અંતરિક્ષમાં હરણફાળ,

# ૩૬ સેટેલાઈટ સાથે સૌથી ભારે LVM-3 રોકેટ લોન્ચ કર્યું

શ્રીહરિકોટા,

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન(ઈસરો)એ ૩૬ વનવેબ ઈન્ટરનેટ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં લોન્ચ અને પ્રક્ષેપિત કરીને ઈતિહાસ રચ્યો છે.બ્રિટિશ સ્ટાર્ટ અપ કંપની વન વેબમાં એરટેલ એટલે કે ભારતી એન્ટરપ્રાઈઝ પણ શેર હોલ્ડર છે. વનવેબ સાથે ઈસરોની બે ડીલ થઈ છે. જેમાંથી એક ગત વર્ષે થઈ હતી. આ રોકેટમાં બીજીવાર ખાનગી કંપનીના કોઈ સેટેલાઈટ



લઈ જવાયા છે અને તેનો સક્સેસ રેશિયો ૧૦૦ ટકા રહ્યો છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠને ૩૬ વનવેબ ઈન્ટરનેટ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં લોન્ચ અને પ્રક્ષેપિત કરીને ઈતિહાસ રચ્યો છે. ભારતના સૌથી વજનદાર રોકેટ લોન્ચ વ્હીકલ માર્ક-૩થી લો અર્થ ઓર્બિટ પર લોન્ચ કરાયા. સવારે ૮.૩૦ વાગે રોકેટ લોન્ચ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. જેને આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટામાં સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્રથી લોન્ચ કરાયું.

પ્રક્ષેપણ ઈસરોના એસડીએસસી એસએચએઆરના બીજા લોન્ચ પેડથી સવારે ૯ વાગે નિર્ધારિત કરાયું હતું. કાઉન્ટડાઉન દરમિયાન રોકેટ અને સેટેલાઈટ સિસ્ટમની તપાસ કરાઈ અને ત્યારબાદ રોકેટ માટે ઈંધણ ભરાયું. ૪૩.૫ મીટર લાંબુ અને ૬૪૩ ટન વજનવાળું ભારતીય રોકેટ ન્ફરુ શ્રીહરિકોટા સ્થિત રોકેટ પોર્ટના બીજા લોન્ચ પેડથી લોન્ચ કરાયું. ૫૮૦૫ કિલોગ્રામ વજનવાળું આ રોકેટ બ્રિટન સ્થિત નેટવર્ક એક્સેસ એસોસિએટેડ લિમિટેડ (વનવેબ)ના ૩૬ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં લઈ ગયું છે. તેનાથી પૃથ્વીની નીચલી કક્ષામાં ઉપગ્રહોના સમૂહોની પહેલી પેઢી પૂરી થઈ જશે. લો અર્થ ઓર્બિટ પૃથ્વીની સૌથી નીચલી કક્ષા હોય છે.

એલવીએમ-૩ એક ત્રણ ચરણોવાળું રોકેટ છે. જેમાં પહેલો તબક્કો લિક્વિડ ઈંધણ, નક્કર ઈંધણ દ્વારા સંચાલિત બે સ્ટ્રેપ-ઓન મોટર, લિક્વિડ ઈંધણ દ્વારા સંચાલિત બીજુ અને ક્રાયોજેનિક એન્જિન હોય છે. ઈસરોના આ ભારે ભરખમ રોકેટની ક્ષમતા એએલઈઓ સુધી ૧૦ ટન અને જિયો ટ્રાન્સફર ઓર્બિટ (જીટીઓ) સુધી ચાર ટન વજન લઈ જવાની છે. ઈસરો દ્વારા રોકેટ મિશન કોડનું નામ LVM3-M3/ વનવેબ ઈન્ડિયા-૨ મિશન રાખવામાં આવ્યું છે. રોકેટ લોન્ચ થયાની બરાબર ૧૯ મિનિટ બાદ સેટેલાઈટ્સના અલગ અલગ થવાની પ્રક્રિયા શરૂ થઈ. ૩૬ સેટેલાઈટ્સ અલગ અલગ તબક્કામાં છૂટા પડ્યા.

બ્રિટિશ સ્ટાર્ટ અપ કંપની વન વેબમાં એરટેલ એટલે કે ભારતી એન્ટરપ્રાઈઝ પણ શેર હોલ્ડર છે. વનવેબ સાથે ઈસરોની બે ડીલ થઈ છે. જેમાંથી એક ગત વર્ષે થઈ હતી. આ રોકેટમાં બીજીવાર ખાનગી કંપનીના કોઈ સેટેલાઈટ લઈ જવાયા છે અને તેનો સક્સેસ રેશિયો ૧૦૦ ટકા રહ્યો છે. ગત વર્ષે ઓક્ટોબરમાં પણ ઈસરોએ વનવેબના ૩૬ સેટેલાઈટ્સ ન્ફરુ રોકેટ સાથે લોન્ચ કર્યા હતા. આ સફળ અભિયાનથી દુનિયાના દરેક હિસ્સામાં સ્પેસ આધાર બ્રોડબેન્ડ ઈન્ટરનેટ યોજનામાં મદદ મળશે.

## હવામાન વિભાગની વધુ એક આગાહી

# નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી વાતાવરણ પલટાશે, ૨૯ માર્ચથી ફરી તોફાની પવન સાથે માવઠું વરસી શકે

અમદાવાદ,

રાજસ્થાન અને હરિયાણાની આસપાસ સક્રિય સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરથી શનિવારે દિવસ દરમિયાન ઠંડો પવન ફૂંકાયો હતો. આગામી ચાર દિવસ અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પારો ૩થી ૫ ડિગ્રી વધી શકે છે. પરંતુ, ૨૯ માર્ચથી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં અમદાવાદ અને રાજ્યમાં તોફાની પવન સાથે માવઠું થવાની આગાહી છે. આ પહેલાં પણ હવામાન વિભાગ દ્વારા ૨૦ માર્ચથી ૨૩ માર્ચ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેમાં ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડ્યો છે. માવઠાની આગાહીને પગલે ખેડૂતોની પડતા પર પાટું જેવી સ્થિતિ થઈ છે.

હવામાન વિભાગના આંકડાઓ મુજબ, શનિવારે અમદાવાદમાં વહેલી સવારથી જ ૧૦થી ૧૨ કિલોમીટરની ગતિએ ઠંડો પવન ફૂંકાતા મહત્તમ તાપમાન શુક્રવાર કરતાં દોઢ ડિગ્રી ગગડીને ૩૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧.૨ ડિગ્રી ગગડીને ૨૧ ડિગ્રી નોંધાયું હતું. આગામી ચાર દિવસો દરમિયાન અમદાવાદમાં ગરમીનો પારો વધીને ૩૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી થઈ શકે છે.

ઠંડા પવનોની અસરથી રાજ્યના મોટાભાગનાં શહેરોમાં ગરમીનો પારો ૩૪ ડિગ્રીથી નીચે નોંધાયો હતો. સમગ્ર રાજ્યમાં ૩૩.૬ ડિગ્રી સાથે અમરેલી સૌથી ગરમ શહેર બન્યું હતું. ત્યારબાદ ૩૩ ડિગ્રી સાથે અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટમાં સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. આગામી ચાર દિવસો દરમિયાન રાજ્યમાં ગરમીનો પારો ૩૮થી ૩૯ ડિગ્રીની આસપાસ રહી શકે છે. ૨૯મી માર્ચથી ફરી એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે, જેની અસરોથી ફરીથી વાતાવરણમાં પલટો આવશે. જેથી ભારે પવનો અને વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ પડી શકે છે.

ગત ૧૭થી ૧૯ માર્ચમાં સૌરાષ્ટ્રમાં આફતરૂપી માવઠાનો વરસાદ શરૂ થયો હોય તેમ વીજળીના પ્રચંડ કડાકા-ભડાકા અને તેજ પવન સાથે અનેક સ્થળોએ કરા સાથે માવઠું વરસ્યું હતું. ઉના પંથકમાં તો જાણે ચોમાસુ રિટર્ન થયું હોય તેમ સાંબેલાધારે ૧થી ૪ ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં ઉનાના મરચાની હબ ગણાતા સનખડામાં તો ધોધમાર વરસાદ ખાબકતા મરચાં પાણીમાં વહેવા લાગ્યાં હતાં. આ સાથે જાફરાબાદના દૂધાળા અને તળાજાના ટીમાણા ગામે મકાન ઉપર વીજળી ખાબકતા ઘરવખરી બળી ગઈ હતી, જ્યારે કમોસમી વરસાદના કારણે તાલાલામાં કેસર કેરી સહિત અન્ય સ્થળોએ ઊભા પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું હતું. નાઘેર પંથકમાં ૨ વર્ષ પહેલાં તાઉતે વાવાઝોડાથી આંબાવાડીઓને નુકસાન થયું હતું, ત્યારે ફરી માવઠું થતાં કેરી ઉત્પાદકોને આર્થિક ફટકો પડ્યો છે. ઉના-ગીરગઢડા પંથકમાં ૧થી ૪ ઈંચ વરસાદ પડતા ખેતી પાક ઉપરાંત માછીમારોને પણ નુકસાન થયું છે.

# મહારાષ્ટ્રમાં ૪૩૭, દિલ્હીમાં પણ કેસો વધ્યા, કોરોનાની સ્પીડ વધતા મોદી સરકાર એક્શનમાં આવી

નવીદિલ્હી,

દેશમાં કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કેસો ફરીથી ડરાવવા લાગ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે માસ્ક અને સેનેટાઈઝેશન મામલે એક એડવાઈઝરી જાહેર કરી છે. આ એડવાઈઝરીની સાથે સાથે દિલ્હીની હોસ્પિટલોમાં પરિસ્થિતિને જાણવા માટે મોક ડ્રીલનું પણ આયોજન થશે. દિલ્હીમાં સંક્રમણનો પોઝીટીવી રેટ વધી રહ્યો છે. દેશમાં ફરી એકવાર કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે.

દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત દેશના અન્ય ભાગોમાં કોરોનાના કેસ હવે તબીબી નિષ્ણાતોનું ટેન્શન વધારી રહ્યા છે. રાજધાની દિલ્હીમાં કોરોનાના ૧૩૯ નવા કેસ નોંધાયા હતા. તો બીજી



તરફ દેશમાં નવા ૧૫૯૦ દર્દીઓ સામે આવતા દેશનું આરોગ્ય તંત્ર પણ દોડતું થયું છે. ભારતમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા વધીને ૮૬૦૧ થઈ ગઈ છે. ૧૪૬ દિવસ પછી દેશભરમાં એક જ દિવસમાં આટલા દર્દીઓ સામે આવ્યા છે.

મહારાષ્ટ્રમાં કોવિડના ૪૩૭ નવા કેસ નોંધાયા હતા, તો બીજી તરફ કોવિડને કારણે ૨ લોકોના મોત થયા છે. હાલમાં રાજ્યમાં ૧૯૫૬ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં કોવિડના કેસ વધીને ૮૧,૪૧,૪૫૭ પર પહોંચ્યા છે, અને મૃત્યુઆંક વધીને ૧,૪૮,૪૩૫ થઈ ગયો છે. આ પહેલા શુક્રવારે રાજ્યમાં ૩૪૩ નવા કેસ સામે આવ્યા હતા, જ્યારે ત્રણ દર્દીઓના મોત થયા હતા. શનિવારે ઔરંગાબાદ અને કોલ્હાપુરમાં એક-એક દર્દીનું મોત થયું હતું.એચ૩એન૨ને લઈને જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વર્ષે અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાં એચ૩એન૨ વાયરસથી ૩૦૬ અને એચ૧એન૧ વાયરસથી ૪૨૭ લોકો સંક્રમિત થયા છે.

મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને પહેલાથી જ બીમાર અને વૃદ્ધોએ ભીડભાડ વાળી જગ્યાો સાથે સાથે અશુદ્ધ હવાવાળી જગ્યાઓ પર જવાનું ટાળવું જોઈએ. તબીબી આરોગ્ય ક્ષેત્રમાં રોકાયેલા પેરામેડિક્સ, દર્દીઓ અને તેમના સંબંધીઓએ માસ્ક પહેરવું જોઈએ. ગીચ અને બંધ જગ્યાએ માસ્ક પહેરવું જ જોઈએ. છીંક કે ખાંસી વખતે નાક અને મોં ઢાંકવા માટે રૂમાલ/ટીશ્યુનો ઉપયોગ કરવો જોઈએ. હાથની સ્વચ્છતા જાળવવી, હાથ વારંવાર ધોવાનું રાખો. જાહેર સ્થળોએ થૂંકવાનું ટાળો. કોવિડ ટેસ્ટને પ્રોત્સાહન આપવું જોઈએ અને લક્ષણોના જો દેખાય તો તેવા કિસ્સામાં ટૂંક સમયમાં માહિતી શેર કરવી જોઈએ. જો તમે શ્વસન સંબંધી રોગોથી પીડિત હોવ તો સાવચેત રહેવાની જરૂર છે. સંમિશ્રણ મર્યાદિત હોવું જોઈએ. કોરોનાથી બચવા માટે લોકોએ રસીકરણ કરાવવું જોઈએ.

# રાહુલ ગાંધીના સમર્થનમાં કોંગ્રેસ રસ્તા પર : ગુજરાતમાં ધરણા કરતા અનેક નેતાઓની અટકાયત કરાઈ

અમદાવાદ,

રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ રદ થવા અંગે કોંગ્રેસનું દેશભરમાં આંદોલન કર્યું છે. કેન્દ્ર તથા રાજ્ય કક્ષાએ કોંગ્રેસનું સંકલ્પ સત્યાગ્રહ આંદોલન આજે યોજાયું હતું કોંગ્રેસનાં પ્રદર્શન પહેલાં રાજઘાટ પર કલમ ૧૪૪ લાગુ કરાઈ હતી તેથી દિલ્હીમાં રાજઘાટના બદલે ગાંધી દર્શન સ્મારક ખાતે કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

રાહુલ ગાંધીની સદસ્યતા રદ થવા અંગે ગુજરાત કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો હતો.અમદાવાદમાં કોંગ્રેસનું સંકલ્પ સત્યાગ્રહ કરાયું હતું. સરદાર બાગ ધરણાં અને વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ ધરણાંના કાર્યક્રમને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. તો વિરોધ પ્રદર્શન કરતા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરાઈ હતી. અમિત ચાવડા, જગદીશ ઠાકોર, ભરતસિંહ સોલંકી સહિતના કોંગ્રેસના નેતાઓ ધરણાં કરી વિરોધ વ્યક્ત કર્યો હતો.

રાજકોટ રાહુલ ગાંધીનું સાંસદ પદ રદ થવાનો મુદ્દે કોંગ્રેસ દ્વારા જુબેલી ચોક ખાતે વિરોધ પ્રદર્શન કરાયું. ગાંધીજીના પૂતળાં ખાતે ડર મત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જોકે કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરે તે પહેલા જ કોંગ્રેસના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

વડોદરામાં રાહુલ ગાંધીના સમર્થનમાં કોંગ્રેસના કાર્યકરોએ ધરણાંનું આયોજન કર્યુ હતું. ગાંધીનગર ગૃહ ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. જેમા પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. ધરણાં પર બેસેલા કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરાઈ હતી. લગભગ ૨૫થી વધુ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરાઈ હતી. VMC માં વિપક્ષના નેતા અમી રાવતની અને ફસ્ઝ્રમાં વિપક્ષના પૂર્વ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવની પણ અટકાયત કરાઈ હતી.

# મહાઠગ કિરણ પટેલને અમદાવાદ લાવવાની તૈયારીઓ તેજ, ક્રાઈમ બ્રાંચે ટ્રાન્સફર વોરંટની પ્રક્રિયા શરૂ કરી

અમદાવાદ,

મહાઠગ કિરણ પટેલને ટૂંક સમયમાં અમદાવાદ લવાશે. ઠગબાજ કિરણ પટેલને અમદાવાદ લાવવાની તૈયારીઓ તેજ થઇ ગઇ છે અને આગામી ૮ દિવસમાં કિરણ પટેલને ટ્રાન્સફર વોરંટથી ક્રાઈમ બ્રાંચ અમદાવાદ લાવશે. મહત્વપૂર્ણ છે કે જગદીશ ચાવડાનો રૂપિયા ૧૮ કરોડનો બંગલો પચાવી પાડવાના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી હાથ ધરી છે. ઠગ કિરણ પટેલે જગદીશ ચાવડાનો રૂપિયા ૧૮ કરોડનો બંગલો પચાવી પાડવાનો કારસો રચ્યો હતો.જે મુદ્દે નોંધાયેલી ફરિયાદ અનુસંધાને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે કિરણ પટેલ વિરૂદ્ધ ગુજરાતના ત્રણ શહેરોમાં અલગ અલગ ફરિયાદો નોંધાયેલી છે. જમ્મુ-કાશ્મીર પોલીસે ગુજરાતના ઠગ કિરણ પટેલની ધરપકડ કરી છે. જેણે પોતાની ઓળખ વડાપ્રધાન કાર્યાલયમાં એડિશનલ ડાયરેક્ટર તરીકે આપી હતી અને હાઈ-પ્રોફાઈલ સુરક્ષા પ્રોટોકોલનો આનંદ માણ્યો હતો. કાશ્મીર ખીણની ફાઈવ સ્ટાર હોટલમાં અનેકવાર રોકાયો હતો. જો તમે તેની વાસ્તવિક ઓળખ જાણશો તો તમે ચોંકી જશો. તે નિવૃત્ત ડેપ્યુટી એસપી, એક પોલીસ ઈન્સ્પેક્ટર અને બે પોલીસ સબ ઈન્સ્પેક્ટરને તે ચૂનો લગાડી ચૂક્યો છે. જોકે હવે એવી વિગતો સામે આવી છે કે આ મહા ઠગે સુરતના ડાયમંડ અગ્રણી દિનેશ નાવડિયાનો કોન્ટેક કર્યો હતો. કિરણ પટેલનો કિસ્સો આવતાની સાથે હવે એવા અનેક લોકો સામે આવી રહ્યા છે. જેમની સાથે સંપર્ક કરીને કિરણ પટેલ પોતાનો રોફ જમાવતો અને સતત મોટા લોકોનો કોન્ટેક્ટ કરીને તેમની સાથે મિત્રતા કેળવીને ઠગવાનો ઈરાદો હોય તેવી રીતે તેમને કંઈ કામ હોય તો કહેજો એવું વારંવાર કહેતો હતો. કિરણ પટેલે અનેક લોકો સાથે આ પ્રકારે સંપર્ક સાધ્યો હોવાનો હવે ધીરે ધીરે બહાર આવી રહ્યું છે એક બાદ એક કિસ્સાઓ સામે આવી રહ્યા છે.

# નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ મંત્રીઓની ગેરહાજરી માટે માફી માંગી

મુંબઈ,

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા અજિત પવારે કોંગ્રેસ (કોંગ્રેસ) અને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતાઓ સાથે બજેટ સત્રના સમાપ્તિ પછી પત્રકાર પરિષદને સંબોધી હતી. "ગૃહમાં મંત્રીઓની ગેરહાજરી હતી, જ્યારે અમે સત્તામાં હતા ત્યારે તેમની ભાગીદારી દેખાતી ન હતી, જો સંબંધિત કેબિનેટ મંત્રી હાજર ન હતા, તો તે વિભાગના પ્રભારી રાજ્ય મંત્રીએ ચાર્જ સંભાળ્યો હતો,

એનસીપી નેતા અજિત પવાર આ સત્ર દરમિયાન મંત્રીઓની ગેરહાજરી પર સરકારની આકરી ટીકા કરી રહ્યા છે. વાસ્તવમાં, લગભગ દસ દિવસ પહેલા, વિપક્ષ દ્વારા મહારાષ્ટ્ર વિધાનસભામાં એક ધ્યાનાકર્ષક પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. પરંતુ વિધાનસભામાં સંબંધિત વિભાગોના મંત્રીઓ હાજર ન હોવાથી આઠમાંથી સાત દરખાસ્તો પર ચર્ચા થઈ શકી ન હતી. અજિત પવારે આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને



સરકારની ટીકા કરી હતી. આ પછી નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ મંત્રીઓની ગેરહાજરી માટે માફી માંગી હતી. જણાવી દઈએ કે અજિત પવારે ગત શિયાળુ સત્રમાં પણ મંત્રીઓની ગેરહાજરીનો મુદ્દો ઉઠાવ્યો હતો.

તમને જણાવી દઈએ કે મહત્વપૂર્ણ મુદ્દા પર મંત્રીનું ધ્યાન આકર્ષિત કરવા માટે સંસદમાં કોલિંગ અટેન્શન મોશન લાવવામાં આવે છે. દરખાસ્ત રજૂ કરનાર સભ્ય સંબંધિત મંત્રી અથવા નેતા પાસેથી આ મુદ્દે નિવેદન માંગે છે. વિપક્ષના નેતા અજિત પવારે બજેટ સત્ર દરમિયાન ગૃહની કાર્યવાહીની શરૂઆત દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો.

# કોંગ્રેસના નવા બની રહેલા હેડ ક્વાર્ટર પર બુલડોઝર ચાલ્યું

નવીદિલ્હી,

લોક નિર્માણ વિભાગ (પીડબ્લ્યુડી)એ દિલ્હીમાં દીનદયાલ ઉપાધ્યાય માર્ગ પર સ્થિત કોંગ્રેસ હેડક્વાર્ટરની નિર્માણાધિન ઈમારત પર સામાન્ય કાર્યવાહી કરતા બુલડોઝર ચલાવી દીધો. આ કાર્યવાહી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી)ની મંજૂરી વિના બનાવવામાં આવેલા ૩ પગથિયાંને લઈને કરવામાં આવી છે. એક અધિકારીના જણાવ્યા મુજબ, નિર્માણ માપદંડો મુજબ, એક ઈમારતમાં જતા પગથિયાં તેના બહાર નહીં બનાવી શકાય. તેનો દાયરો એટલો જ હોવો જોઈએ જેટલો નક્કી હોય. પીડબ્લ્યુડીના એક અધિકારીએ કહ્યું કે, નિર્માણના માપદંડો મુજબ, કોઈ ઈમારતમાં જનારા પગથિયાં તેની બહાર નહીં બનાવી શકાય. પગથિયાં ઈમારતના ગેટની અંદર જ હોવા જોઈએ. પીડબ્લ્યુડીએ આ અઠવાડિયાની શરૂઆતમાં દીનદયાલ ઉપાધ્યાય માર્ગનું નિરીક્ષણ કર્યું હતું અને કોંગ્રેસ હેડક્વાર્ટરના અધિકારીઓને તેને લઈને પહેલા જ જાણકારી આપી દેવામાં આવી હતી. પીડબ્લ્યુડી એક અન્ય અધિકારીએ કહ્યું



કે,પીડબ્લ્યુડીના એક સર્વેક્ષણ બાદ સામે આવ્યું કે, પગથિયાં ફૂટપાથનું દબાણ કરી રહ્યા હતા અને આ કાયદાકીય રીતે ખોટા હતા એટલે હિસ્સાને હટાવી દેવામાં આવ્યો. પીડબ્લ્યુડીના અધિકારીએ કહ્યું કે, આ પગથિયાંને તોડવા માટે કોંગ્રેસ તરફથી પહેલા જ લીલી ઝંડી મળી ચૂકી હતી. આ કોઈ મોટું ડિમોલિશન નહોતું. તેમણે કર્મચારીઓના પ્રવેશ માટે સાઈડ એન્ટ્રી પર વધારાના ૩ પગથિયાં બનાવ્યા હતા, જેનું નિર્માણ એમસીડી દ્વારા અનુમોદીત યોજના મુજબ નહોતું. એટલે તેને તોડી દેવામાં આવ્યા. એક અન્ય અધિકારીએ જણાવ્યું કે, દિલ્હી સરકારના પ્રશાસનિક નિયંત્રણમાં આવનારા PWD રાજધાનીમાં આ વર્ષે પ્રસ્તાવિત જી-૨૦ સમિટની તૈયારીઓ હેઠળ ગેરકાયદેસર ઢાંચા હટાવવા માટે શહેરમાં દબાણ વિરોધી અભિયાન ચલાવી રહ્યું છે.

# ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી રાજસ્થાન અને અરૂણાચલની ધરા



નવીદિલ્હી,

ભારતમાં આજે ફરીથી ધરતીકંપથી ધરા ધ્રુજી હતી. મળતા અહેવાલ પ્રમાણે દેશના બે રાજ્યોમાં ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. રાજસ્થાનના બિકાનેરમાં ૪.૨ની તીવ્રતાથી ભૂંકપ આવ્યો હતો, તો બીજી તરફ અરૂચાલ પ્રદેશના ચાંગલામાં ભૂંકપની તીવ્રતા ૩.૫ની રીક્ટર સ્કેલ માપવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર અનુસાર તીવ્રતા ઓછી હોવાને કારણે હાલ કોઈ જાનહાની કે માલહાનીના અહેવાલ મળ્યા નથી.

અરુણાચલ પ્રદેશના ચાંગલાંગમાં બે દિવસ પહેલા ગુરુવારે પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિ.મી. ઊંડે હતું. બપોરના બે વાગ્યે આ ભૂકંપ આવ્યું હતું. જ્યારે ભૂકંપની તીવ્રતા ૪.૨ મપાઈ હતી. ત્યારે પણ કોઈ મોટી જાનહાનિ કે માલહાનિના અહેવાલ આવ્યા નહોતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી 'મન કી બાત', દીવ અને 'સૌરાષ્ટ્રી તમિલ'નો ખાસ ઉલ્લેખ કર્યો

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓ સાથે મન કી બાત કરી. પીએમ મોદીએ આજે મન કી બાત કાર્યક્રમના ૯૯માં એપિસોડને સંબોધિત કર્યું. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં પરમાર્થને એટલું ઉપર રાખવામાં આવ્યું છે કે બીજાના સુખ માટે, લોકો પોતાનું સર્વસ્વ દાન કરવામાં પણ સંકોચ કરતા નથી. આથી તો આપણને બાળપણથી શિવિ અને દધિચિ જેવા દેહદાનીઓની ગાથાઓ સંભળાવવામાં આવે છે. આધુનિક મેડિકલ સાયન્સના આ દૌરમાં અંગદાન કોઈને જીવન આપવામાં એક ખુબ મોટું માધ્યમ બની ચૂક્યું છે. એવું કહેવાય છે કે જ્યારે એક વ્યક્તિ મૃત્યુ બાદ પોતાનું શરીર દાન કરે છે તો તેનાથી ૮થી ૯ લોકોને એક નવું જીવન મળવાની સંભાવના બને છે.

પીએમ મોદીએ કહ્યું કે સંતોષની વાત એ છે કે આજે દેશમાં ઓર્ગન ડોનેશન



પ્રત્યે જાગૃતતા વધી રહી છે. વર્ષ ૨૦૧૩માં આપણા દેશમાં અંગદાનના ૫ હજારથી પણ ઓછા કેસ હતા, પરંતુ ૨૦૨૨માં આ સંખ્યા વધીને ૧૫ હજારથી વધુ થઈ ગઈ. અંગદાન કરનારા વ્યક્તિઓએ, તેમના પરિવારે, ખરેખર ખુબ પુણ્યનું કામ કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે ૩૯ દિવસના અબાબત કૌર હોય કે પછી ૬૩ વર્ષના સ્નેહલતા ચૌધરી તેમના જેવા દાનવીર, આપણને જીવનનું મહત્વ સમજાવીને જાય છે. આપણા દેશમાંઆજે મોટી સંખ્યામાં એવા જરૂરિયાતવાળા લોકો છે જે સ્વસ્થ જીવનની આશામાં કોઈ ઓર્ગન ડોનેટ કરનારાઓની રાહ જુએ છે. મને સંતોષ છે કે અંગદાનને સરળ બનાવવા અને પ્રોત્સાહિત કરવા માટે સમગ્ર દેશમાં એક જેવી પોલીસી ઉપર પણ કામ થઈ રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે આ નવરાત્રિનો સમય છે, શક્તિની ઉપાસનાનો સમય છે. આજે ભારત જે સામર્થ્ય નવેસરથી નીખરીને સામે આવી રહ્યું છે, તેમાં ઘણી મોટી ભૂમિકા આપણી નારી શક્તિની છે. હાલમાં એવા કેટલાય ઉદાહરણ આપણી સામે આવ્યા છે. તમે સોશિયલ મીડિયા પર એશિયાના પહેલા મહિલા લોકો પાયલટ સુરેખા યાદવને જરૂર જોયા હશે. સુરેખા એક નવો વિક્રમ બનાવતા વંદે ભારત એક્સપ્રેસના પણ પહેલા લોકો પાયલટ બની ગયા છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત આજે સોલર એનર્જીના ક્ષેત્રમાં જે ઝડપથી આગળ વધી રહ્યું છે તે પોતાનામાં એક મોટી ઉપલબ્ધિ છે. ભારતના લોકો સદીઓથી સૂર્યથી વિશેષ રીતે નાતો ધરાવે છે. આપણા ત્યાં સૂર્યની શક્તિને લઈને જે વૈજ્ઞાનિક સમજ રહી છે, સૂર્યની ઉપાસનાની જે પરંપરાઓ રહી છે તે અન્ય જગ્યાઓ પર બહુ ઓછી જોવા મળે છે. બધાનો પ્રયાસ... એ જ સ્પીરિટ આજે ભારતના સોલર મિશનને આગળ વધારી રહી છે.

દીવ વિશે ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે દમણ-દીવમાંથી જે દીવ છે કે જે એક અલગ જિલ્લો છે, ત્યાંના લોકોએ પણ એક અદભૂત કામ કરીને બતાવ્યું છે. તમે જાણતા હશો કે દીવ સોમનાથ પાસે છે. દીવ ભારતનો પહેલો એવો જિલ્લો બન્યો છે જે દિવના સમયે પણ તમામ જરૂરિયાતો માટે ૧૦૦ ટકા ક્લિન એનર્જીનો ઉપયોગ કરે છે. દીવની આ સફળતાનો મંત્ર પણ બધાનો પ્રયત્ન જ છે. એક સમયે અહીં વીજળી ઉત્પાદન માટે સંસાધનો અંગે પડકાર હતો. લોકોએ આ પડકારના સમાધાન માટે સોલર એનર્જીને પસંદ કરી. અહીં ઉજ્જડ જમીન અને અનેક બિલ્ડિંગ્સ પર સોલર પેનલ લગાવવામાં આવી. આ પેનલ્સથી દીવમાં દિવસના સમયે જેટલી વીજળીની જરૂર હોય છે તેનાથી વધુ વીજળી પેદા થઈ રહી છે. આ સોલર પ્રોજેક્ટથી વીજળી ખરીદી પર ખર્ચ થનારા લગભગ ૫૨ કરોડ રૂપિયા પણ બચ્યા છે. તેનાથી પર્યાવરણની પણ મોટું રક્ષણ થયું છે.

પુણેનો પણ આ મામલે તેમણે ઉલ્લેખ કર્યો અને કહ્યું કે પુણે અને દીવે જે કરીને દેખાડ્યું છે આવા જ પ્રયત્નો દેશભરમાં અનેક અન્ય જગ્યાએ પણ થઈ રહ્યા છે. પીએમ મોદીએ પુણે વિશે કહ્યું કે અહીં એમએસઆર-ઓલિવ હાઉસિંગ સોસાયટીના લોકોએ નક્કી કર્યું કે સોસાયટીના પીવાના પાણી, લિફ્ટ અને લાઈટ જેવી સામૂહિક ઉપયોગની ચીજો હવે સોલર એનર્જીથી જ ચલાવવામાં આવશે. ત્યારબાદ આ સોસાયટીના બધા લોકોએ મળીને સોલર પેનલ લગાવી. આજે આ સોલર પેનલથી દર વર્ષે લગભગ ૯૦ હજાર કિલોવોટ અવર વીજળી પેદા થાય છે. તેનાથી દર મહિને લગભગ ૪૦,૦૦૦ રૂપિયાની બચત થાય છે. આ બચતનો લાભ સોસાયટીના તમામ લોકોને થઈ રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના આપણા દેશને મજબૂતી આપે છે. આપણે જ્યારે એક બીજા વિશે જાણીએ છીએ, શીખીએ છીએ તો એક્તાની આ ભાવના વધુ ગાઢ બને છે. તેમણે કહ્યું કે એક્તાની આ જ સ્પિરીટ સાથે આગામી મહિને ગુજરાતના વિવિધ ભાગોમાં 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ' થવા જઈ રહ્યો છે. 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ' ૧૭થી ૩૦ એપ્રિલ સુધી ચાલશે. પીએમએ કહ્યું કે સદીઓ પહેલા સૌરાષ્ટ્રના અનેક લોકો તમિલનાડુના અલગ અલગ ભાગોમાં જઈને વસી ગયા હતા. આ લોકો આજે પણ સૌરાષ્ટ્રી તમિલના નામે ઓળખાય છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મલેકપુર પોતાની કલાથી અનેક મહીલાઓમાં હર્ષની લાગણી ઉભી કરનાર હર્ષા લાખાણી



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, આત્મચિંતનમાં ડૂબી, બહારની દુનિયાને અને કુદરતને સમજવાના પ્રયત્નો કરી તેને પોતીની કળામાં ઉતારનાર કલાકાર છે આવા જ એક કલાપ્રેમી ચિત્રકાર હર્ષાલાખાણી છે. એમની ચિત્રો રૂપી કલામાં લટાર મારવાનું મન થાય, તેમનાં ચિત્રોમાં માનવીય ચિંતનની રજુઆત દેખાય છે. ચિત્રમાં સત્યતાની ન માત્ર જલક હોય પરંતુ કથાનક કે કથાવસ્તુની અંદરના ભાવો અને વિચારની સચોટ અને કળાત્મક રજુઆત હોય અને સાથે સાથે કુદરતની કળાની છાંટ પણ હોય. ચિત્રોમાં મુખ્ય વસ્તુ મૂખ્ય વિષયના વિચારો-માનસિક સ્થિતી-પરિસ્થિતીની રજુઆત તેમની કલાની ખાસિયત છે. રંગોના યોગ્ય મિશ્રણ અને શેડ વિષયવસ્તુની વાસ્તવિકતાની એટલા નિકટ હોય છે કે કલાપ્રેમી તેમના આકર્ષણને અવગણી શકે નહી. પ્રકૃતિને પ્રેમ કરવો, સામાજિક બગીઓને દુર કરવી જેવા આજના ગંભીર વિષયો અંગે કળાના સહારે અસરકારક રજુઆત તેમના ચિત્રોમાં જોવા મળે છે. તેમની પીંછી દ્વારા અબોલને વાંચા અને વંચિતને સભ્ય સમાજ સામે તેમનો અવાજ બુલંદ કરવાની પ્રેરણા મળી રહે છે. સ્ત્રીઓની સામાજિક સમસ્યાની અભિવ્યકિતએ તેમની કળાનું એક અદકેરૂ અને લોકચાહના પાછળનું એક વિશેષ કારણ છે.

તેમની સાથેની મુલાકાતમાં કલા અંગે તેમના મંતવ્યો પુછતાં તેમણે જણાવ્યું કે, કલાએ મનુષ્ય મનુષ્ય વચ્ચે વિનિમયનું એક સાધન છે, જે તેમને અન્ય પ્રાણીઓથી અલગ તારવી મનુષ્ય બનાવે છે. કલાને રજુ કરવામાં પોતે અનુભવેલી લાગણીને પાછી પોતાનામાં જગવવી અને એમ કરીને પાછી તેને હલનચલન, રેખા, રંગ, ધ્વની કે શબ્દ-ચિત્રણ દ્વારા બીજાઓને એવી રીતે પહોંચાડવી કે જેથી તે જ લાગણી તેઓ અનુભવે. આમ, કલા એ મનુષ્યમાં એકતા કે મિલનનું સાધન છે. એનો કુદરતી પાયો એ છે કે, મનુષ્ય-ચિત્ત સામાની લાગણી ઝીલી શકે છે. તેથી જ તો કલાની ક્રિયા અતિ મહત્વની માનવપ્રવૃતિ છે. ખુદ ભાષાની ક્રિયા જેટલી તેની મહત્તા છે, અને મનુષ્યમાં તે એટલી જ સર્વસામાન્ય વ્યાપેલી છે.

અહીં એ નોંધનીય છે કે, આ વર્ષે જ મહીલા દીન નિમિતે તેઓને આર્ટ કેમ્પ અને એકઝીબીશન સાથે કલા ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ સીને મીડિયા ફાઉન્ડેશન અને ધ બ્યુટી ટાઉન દ્વારા વિશ્વ નારી રત્ન-૨૦૨૩ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની સાથે એવોર્ડની મહત્વતા અંગે વાત કરતા તેઓએ એવોર્ડ પ્રાપ્ત કરતાં ખુશીની લાગણી વ્યકત કરી અને તેમણે એવોર્ડને કલાને સમર્પિત કરતા કહ્યું કે એવોર્ડ એ સમાજ અને લોકો દ્વારા લીધેલ નોંધનું એક પરિમાણ માત્ર છે પરંતુ તે સર્વશ્ર નથી. અંતે તો મારી કલા દ્વારા મને મળતી આંતરીક ખુશી એ જ મારા માટે જરૂરી છે અને જ્યારે હું કોઈ કલાનું સર્જન કરૂ છું ત્યારે જીવંતતા અનુભવું છું અને માનવજીવનમાં સતત જીવંતતા અનુભવવી તેનાથી સર્વોચ્ચ અહેસાસ મારા મતે કોઈ નથી. તેણી દ્વારા દિલ્હી, વડોદરા, સુરત, અમદાવાદ, પોંડીચેરી,જયપુર,પુણે, મુંબઈ અને જુનાગઢ ખાતે અવારનવાર વર્કશોપ તથા એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવે છે.

# ખાનપુર તાલુકાના નાના ખાનપુર ગામની ગુમ થયેલ યુવતિના મૃતદેહ મળવાની ઘટનામાં વેપારીઓ દ્વારા બજાર બંધ કરાયું




તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, મહીસાગર જિલ્લામાં આવેલા ખાનપુર તાલુકાના નાના ખાનપુર ગામની ચકચારી ઘટનામાં આજે મોટા ખાનપુર ગામના વ્યાપારીઓ દ્વારા બજાર બંધ રાખી પીડિત પરિવારને સમર્થન આપવામાં આવ્યું.

નાના ખાનપુર ગામની ૧૯ વર્ષીય યુવતી ચંદ્રિકાબેન ૧૮ તારીખે કારન્ટા ખાતે ઉર્સના મેળામાં પરિવાર સાથે ગઈ હતી. ત્યાંથી તે ગુમ થયા હતા ત્યારબાદ બે દિવસ બાદ કારન્ટા ગામની મહીસાગર નદીના કિનારેથી કોથળામાં બાંધેલી હાલતમાં ચંદ્રિકાબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યાર બાદ હજી સુધી આરોપીઓ પોલીસ પકડ થી દુર છે. ત્યારે સોશિયલ મીડિયામાં ચંદ્રિકાબેનને ન્યાય આપોના મેસેજો ખૂબ વાયરલ થયા છે અને તેને લઈને સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસ હજી કોઈ કડી મેળવી શકી નથી તો બીજી તરફ પરિવાર દ્વારા મૃતદેહને સ્વીકારવામાં આવ્યો નથી. પરિવારની માંગ છે કે એમની દીકરીને ન્યાય મળે અન તેના કાતિલો વહેલી તકે ઝડપાય મૃતક ચંદ્રિકાબેનને ન્યાય અપાવવાના સમર્થનમાં અનેક સામજિક સંગઠનો આગેવાનો અને ગ્રામજનો આવ્યા છે. ત્યારે આજે મોટા ખાનપુરના વ્યાપારીઓ ગ્રામજનોએ પણ આ દીકરીને ન્યાય અપાવવા મોટા ખાનપુરના બજારો બંધ રાખી સમર્થન નોંધાવ્યું છે. પરિવારજનો તેમજ સામાજિક સંગઠનો દ્વારા આજે મોટા ખાનપુર ખાતેથી રેલી કાઢી ન્યાય આપો ન્યાય આપો હત્યારાઓને ફાંસી આપોના નારાઓ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું. જે રેલી મોટા ખાનપુરમાં ફરી લુણાવાડા કલેક્ટર કચેરી ખાતે પહોંચશે ત્યાં ફરી એક વાર પ્રદર્શન કરવામાં આવશે.

# બાલાસીનોર તાલુકાના સરપંચો સાથે સંસદ સભ્યની શુભેચ્છા મુલકાત



બાલાસીનોર, તા. ૨૬/૦૩/૨૦૨૩ ને રવિવારના રોજ બાલાસિનોર તાલુકાના સરપંચ એસોસિએશનના પ્રમુખ દ્વારા અમારા મત વિસ્તારના સાંસદ સભ્ય રતન સિંહ રાઠોડ ની શુભેચ્છક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે બાલાસિનોર તાલુકાના તમામ સરપંચ ઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સરપંચો દ્વારા સાંસદનું ફૂલહાર તથા ભારતમાતાની છબી આપી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

આ પ્રસંગે બાલાસિનોર તાલુકાના તમામ સરપંચઓ દ્વારા પોતાના વિસ્તારમાં પડતી નાની મોટી મુશ્કેલીઓની રજૂઆત કરવામાં આવી. તમામ સરપંચની પડતી નાની મોટી મુશ્કેલીઓનું જલ્દીથી નિરાકરણ કરી આપવાની સાંસદ દ્વારા ખાતરી આપવામાં આવી.

આજરોજ પ્રધામંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ મનકીબાત કાર્યક્રમ સાંસદ રતનસિંહ રાઠોડની સાથે બેસીને તમામ સરપંચ ઓ તથા સાંસદની મુલાકાત લેવા આવેલ તમામ મહેમાનો સાથે બેસીને પ્રધામંત્રીનો સંવાદ નિહાળવાનો અવસર પ્રાપ્ત થયો. તમામ સરપંચઓ દ્વારા સાંસદનો આભર વ્યક્ત કરવામાં આવ્યો.

# ડાયટ સંતરામપુર ડી.એલ.એડ. તાલીમાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ખાતે તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ડાયટના પ્રાચાર્ય ડો.કે.ટી.પોરાણીયા ના માર્ગદર્શન હેઠળ સંતરામપુર ડાયટમાં તાલીમ મેળવી રહેલા ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓના શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન તેના આયોજક સિનિયર લેક્ચરર ડો. હર્ષદ પટેલે વિદ્યાર્થીને સ્થાપત્ય કળા ભૂગોળ પર્યટન સ્થળો વગેરે વિશેના પ્રત્યક્ષ જ્ઞાન મળે તેવું આયોજન કર્યું હતું. આ પ્રવાસનું આયોજન સરકારના ખર્ચે યોજવામાં આવ્યો હતો. પ્રવાસમાં કુલ ૫૦ જેટલા તાલીમાર્થીઓ ભાગ લઈને કઈક નવું જાણવાનું મેળવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ શૈક્ષણિક પ્રવાસમાં ઈડર ખાતે આવેલ ડાયટની મુલાકાત દરમ્યાન ડો કે.ટી.પોરાણીયા ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રવાસ અંગે માહિતી આપી હતી. ડાયટ ઈડરની તાલીમાર્થી બહેનો દ્વારા પ્રાર્થના અને અભિનય ગીત રજૂ કરી સૌનું સ્વાગત કર્યું હતું. ઈડરમાં અરવલ્લીની ગિરિમાળાઓની વચ્ચે આવેલા ઈડરિયા ગઢની મુલાકાત સહિત કોટેશ્વર મહાદેવ મંદિર, અંબાજી-ગબ્બર,જેસોર રીંછ અભયારણ્ય, મોઢેરાનું સૂર્ય મંદિર, રાણકી વાવ, ઊંઝા, મહુડી,બેચરાજી, વગેરેની મુલાકાત લઈ તેનો શિક્ષણમાં કેવી રીતે વિનીયોગ કરવો તે વિશે માર્ગદર્શન મેળવ્યું હતું. આ સ્થળોની માહિતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી હોય સ્થળ વિશે તાલીમાર્થીઓને રૂબરૂ જઈને મુલાકાત દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ સફળ રહ્યો હતો. આ કાર્યક્રમમાં ડાયટ સંતરામપૂરના તમામ સ્ટાફનો સહયોગ સાંપડ્યો હતો.

# અધિવકતા પરિષદ પંચમહાલ ગોધરા વિભાગ દ્વારા વિશ્વ મહિલા દિવસના ભાગરૂપે "સક્ષમ મહિલા-સક્ષમ પરિવાર" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું



ગોધરા, દિવસેને દિવસે ભારત દેશભરમાં કૌટુંબિક તકરારોનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. તેમજ ગેરસમજ અને નાની નાની બાબતોએ પતિ પત્નીના ઝઘડા અદાલતો સુધી પહોંચી રહ્યા છે. જે સમાજ માટે એક મોટી પરેશાની રૂપ બન્યું છે. તેવા સેન્સિટીવ વિષયને ધ્યાનમાં લઈ અધિવક્તા પરિષદ ગુજરાતના, પંચમહાલ વિભાગ દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ગોધરા ખાતે સક્ષમ મહિલા સક્ષમ પરિવાર ના સૂત્ર સાથે ભવ્ય માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવયુગલ દંપતિઓ કે જેમના તાજેતરમાં જ લગ્ન થયા હોય અને લગ્નને તેઓ કેવી રીતે મજબૂત કરી શકે, તેમજ પતિ પત્ની વચ્ચેના સંબંધ કેવી રીતે મજબૂત કરી શકાય, તેવા ખૂબ જ મહત્વના વિષયને ધ્યાને લઈ નવયુગલોને માર્ગદર્શન મળે તે માટે પૂ.સ્વામીની સ્પષ્ટાનંદ સરસ્વતીજી તેમજ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ બંકિમભાઈ મહેતાની ખાસ ઉપસ્થિતિમાં માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગોધરા શહેરના નવપરણિત યુવક અને યુવતીઓએ ખૂબ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ભાગ ભજવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં મુખ્યત્વે ગોધરાના સિનિયર એડવોકેટ પરિમલ પાઠક, હરેન્દ્ર વીરપુરા, જીતેન્દ્ર ઠાકોર તથા તેમની સાથે સાથે અધક્તા પરિષદ પંચમહાલના તમામ સભ્યોનો અમૂલ્ય ફાળો રહ્યો હતો.

# ગોધરામાં ચૈત્રી નવરાત્રીને અનુલક્ષીને આશ્રમમાં રહેતા બાળકોને પૌષ્ટિક આહાર : પગપાળાઓને નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરાયું

ગોધરા, ચૈત્રી નવરાત્રી અનુલક્ષીને ગોધરા શહેરમાં આવેલા મામા ફડકે આશ્રમ ખાતે આશ્રમમાં રહેતા બાળકોને પૌષ્ટિક આહાર તેમજ પગપાળા જઈ રહેલા યાત્રાળુઓને સાઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ અને સાઈસેવાઓ ORG તરફથી નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આશ્રમના બાળકો અને પગપાળા સંઘ લઈને જઈ રહેલા યાત્રાળુઓએ લાભ લીધો. હાલમાં ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે. ત્યારે મામા ફડકે આશ્રમમાં રહેતા બાળકોને સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ અને સાઈ સેવા ORG તરફથી નિઃશુલ્ક પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. જ્યારે હાલ ચૈત્રી નવરાત્રી દરમિયાન ગુજરાત સહિત રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા બહારના રાજ્યો માંથી મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે બહારગામથી પગપાળા રથ લઈને પાવાગઢ મંદિર તરફ જઈ રહેલા યાત્રાળુઓને કોઈ પ્રકારની રસ્તામાં તકલીફ ન પડે તે માટે નિઃશુલ્ક દવા ગોળીઓ વગેરે વસ્તુઓ વિનામૂલ્યે આપીને અનોખો સેવાયજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ અને સાંઈ સેવા ORG સંસ્થાના વડીલ અગ્રણીઓ ઉપસ્થિત રહીને યાત્રાળુઓને દવાઓનું વિતરણ કર્યું હતું.

# ગોધરા અલી મસ્જીદ પાછળ ઝાડીમાં જુગાર રમતા ત્રણ જુગારીયા ઝડપ્યા

ગોધરા, ગોધરા અલી મસ્જીદ પાછળ બાવળની ઝાડીઓમાં જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા અલી મસ્જીદ પાછળ બાવળની ઝાડીઓમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બ બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મહંમદ રીઝવાન હુસેન વાઢેલ, જાબીર મહમદ હનીફ તાસીયા, ઈમરાન હસેન મીઠાને ઝડપી પાડી દાવ ઉપર મુકેલ અને અંગઝડતીમાં રૂપીયા ૨,૨૧૦/- જપ્ત કરવામાં આવ્યા. પોલીસની રેઈડ દરમિયાન સુલતાન સિદ્દિક કાલુ ઉર્ફે ડગલ નાશી જતાં વોન્ટેડ જાહેર કરાયો.

# વલસાડના મોગરાવાડીની કોરોના પોઝિટિવ મહિલાનું થયું મોત

વલસાડ, વલસાડમાં કોરોનાએ શહેરમાં ફરીથી ધીરે-ધીરે માથું ઉચવાનું શરૂ કર્યું છે. ધીરે-ધીરે કોરોનાના નવા કેસો નોંધાવાના શરૂ થઈ ગયા છે. એવામાં વલસાડ જીલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીનું મોત થયુ છે. વલસાડના મોગરાવાડીની કોરોના પોઝિટિવ મહિલાનું મોત થયુ છે. કોરોના દર્દીનું મોત બાદ વલસાડના વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારને ક્લસ્ટર કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કર્યો છે. પરંતુ આરોગ્ય વિભાગનું એવુ તારણ છે કે કોરોના પોઝિટિવ મહિલાનું અન્ય કારણોસર મોત થયુ છે. આ અગાઉ વડોદરામાં એસએસજી હોસ્પિટલમાં સારવાર લેતા ૬૮ વર્ષિય કોરોના પોઝિટીવ દર્દીનું મોત નિપજ્યુ હતુ. શહેરના પાણીગેટ વિસ્તારમાં રહેતા ૬૮ વર્ષિય વૃદ્ધ કોમોર્બીડ હતા. તેઓ ટી.બી. અસ્થમાં અને હાઈપર ટેન્શનની બીમારીથી પીડાતા હતા. છેલ્લા ૮ મહિનાથી તેમની ટીબીની સારવાર ચાલી રહી હતી. તેમને એસએસજી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર અપાઈ રહી હતી. તેમના મોતનું સ્પષ્ટ કારણ જાણવા માટે ડેથ ઓડિટ કમિટીને તબીબોએ રિપોર્ટ સબમિટ કર્યો હતો. શહેરમાં કોરોનાના કુલ એક્ટિવ દર્દીની સંખ્યા ૩૫ હતા.

# કાલોલ તાલુકા મથકે કનોજીયા સમાજ દ્વારા નવચંડી યજ્ઞમાં કાલોલના ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ, ચૈત્ર મહિનામાં પવિત્ર નોરતા ચાલી રહ્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લાના કાલોલ ગામ ખાતે કનોજીયા સમાજના કુળદેવી ફુલમતી માતાના મંદિરે નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો. તેમાં સમાજના મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા. સમાજના આગેવાનો સમાજ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને આગળ વધે તથા દેશની પ્રગતિમાં સહભાગી બને તે માટે હકારાત્મક વિચારો સાથે શિક્ષણ, વ્યસનમુક્તિ અને કુરિવાજો વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ માં ગત વર્ષે જે વિદ્યાર્થીઓ એક થી ત્રણ ક્રમાંકે ઉત્તીર્ણ થયા હોય તેઓને ઈનામ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે સમાજમાં ડોક્ટરની ડિગ્રી પ્રાપ્ત કરી હોય તેવા પ્રતિષ્ઠિત ડોક્ટરનું સન્માન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞના કાર્યક્રમ બાદ સમાજમાં અવિવાહિત યુવકો તથા યુવતીઓ માટે સામૂહિક તથા પરિવારિક સંમેલન યોજવામાં આવ્યુ હતું. સમાજના આગેવાનો દ્વારા જીવનસાથીની પસંદગી કરવાની સુવર્ણ અને ઉત્તમ તક પૂરી પાડવામાં આવી હતી. જેમાં તમામ યુવક-યુવતીઓનો બાયોડેટા જાહેરમાં જણાવવામાં આવ્યો હતો. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા પણ કનોજીયા સમાજ ઉતારો ઉત્તર પ્રગતિ કરે અને રાષ્ટ્ર સમર્પિત બનવા માટે આહવાન કર્યું હતું. સમાજના અગ્રણીઓ અને તમામ લોકોએ ફૂલમતિમાતાનો યજ્ઞ- હવન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા અને પ્રસાદ લીધો હતો.

# પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાહુલ ગાંધીના સમર્થનમાં ગોધરા ખાતે વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજયો

ગોધરા, પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાહુલ ગાંધીના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

રાહુલ ગાંધીનું લોકસભાના સભ્ય તરીકેનું પદ રદ કરવાના મુદ્દે રાજ્યભરમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો. જેના ભાગરૂપે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગોધરાના ગાંધી ચોક ખાતે રાહુલ ગાંધીના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો. કોંગ્રેસ કાર્યકરોએ પ્લે કાર્ડ અને સુત્રોચ્ચાર સાથે પ્રદર્શન કરવામાં કોંગ્રેસ પદાધિકારીઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને શ્રદધાંજલી અર્પણ કરાઈ.

# ગોધરાના વોર્ડ નં.૧૦ના મૈત્રી પાર્કમાં રમકડાં અને રંગરોગાન કરાવાયું



ગોધરા, ગોધરા નગર પાલિકાના વોર્ડ નંબર ૧૦માં આવેલ મૈત્રી પાર્કમાં નવીન લાઈટ, નાના છોકરાઓના રમકડાં તેમજ સમગ્ર બગીચાને રંગ રોગન લારા હોસ્પિટલના માલિક ડૉ. સુજાત વલી, કોઠી સ્ટીલના માલિક હાજી ફિરદૌસ કોઠી તેમજ અલ હયાત ટુર્સ ટ્રાવેલ્સ માલિક સુલેમાન હયાત દ્વારા કરાવવામાં આવી હતી. આ તમામ કામગીરી સ્થાનિક રહીશ તેમજ નગર પાલિકાના માજી સભ્ય યાકુબભાઈ બક્કર તપેલીની રેખદેખ હેઠળ કરવામાં આવી હતી. આ તમામ મહાનુભાવોનો ગોધરા શહેર વતી. યાકુબભાઈ બક્કર તપેલીએ આભાર વ્યક્ત કર્યા હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**દાહોદ જિલ્લા ભાજપ દ્વારા સાંસદ પ્રવાસ યોજના તેમજ આગામી સંગઠનના કાર્યક્રમો બુથ સશક્તિકરણ અભિયાન, મન કી બાત, સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન જેવા વિષયોને લઈને જિલ્લા તેમજ વિધાનસભા કક્ષાના સંગઠનના પદાધિકારીઓની બેઠક યોજાઈ. આ મિટિંગમાં જિલ્લાના પ્રભારી રાજેશભાઈ પાઠક, જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયર, સાંસદ જસવંતસિંહ, રાજ્ય સરકારના મંત્રી બચુભાઈ ખાબડ, ધારાસભ્ય રમેશભાઈ કટારા, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, સહ સંયોજક સુધીરભાઈ, મહામંત્રીઓ નરેન્દ્રભાઈ સોની, સ્નેહલભાઈ દરિયા, વિસ્તારક વૈભવ વગેરે ઉપસ્થિત રહી મિટિંગમાં માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.**

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. કોઈ પણ વિરોધીની નિંદા તરફ ધ્યાન ન આપીને તમારૂ કામ કરતા રહો. આગળ જતા સફળતા મળશે.

વૃષભ : આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે.

મિથુન : આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો. આજે તમને મિત્રોનો સાથ મળશે અને એનાથી મનનો ભાર હળવો થશે.

કર્ક : આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે. જો તમે સરકારી નોકરી કરો છો તો કામ વધારે કરવું પડી શકે છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે.

કન્યા : આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે. રોજિંદા કામકાજમાં બેદરકારી ના રાખશો.

તુલા : આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે.

વૃશ્ચિક : આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથીની તરફથી મોરલ સપોર્ટ મળશે.

ધનુ : આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. ઉચ્ચ અધિકારીઓ સાથે સારો સંબંધ બંધાશે.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે.

કુંભ : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે. તો ઘર અને પરિવારમાં આજે કેટલીક એવી મુશ્કેલીઓ આવી શકે છે કે જેનાથી તમારી માનસિક સ્થિતિ બગડી શકે છે.

મીન : આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે. આજે કોઈ પ્રકારના રચનાત્મક કાર્યોમાં મન લાગેલું રહેશે.

# મહીસાગરના પાણી દાહોદ પહોંચશે : લીમખેડા જુથ પાણી પુરવઠા યોજનાનો પ્રારંભ કરાવતા સાંસદ

દાહોદ,

સાંસદ જસવંતસિંહ ભાભોરે કડાણા બલ્ક પાઈપલાઈન આધારિત લીમખેડા જુથ પાણી પુરવઠા યોજના અંદાજીત રકમ રૂ. ૧૦૧.૮૯ કરોડના કામોનો શુભારંભ કરાવ્યો છે. સાંસદ ભાભોરે આ વેળા એ જણાવ્યું હતું કે, આ યોજનાઓ ભવિષ્યના વિઝન સાથે એક મિશન સ્વરૂપે સાકાર કરવામાં આવી રહી છે.

સીંગવડના કરમદી ગામેથી યોજનાનો શુભારંભ કરાવા સાંસદએ જણાવ્યું કે, લીમખેડા જુથ પાણીપુરવઠા યોજના થકી અહીંના ૬૪ ગામોના ૧૩૩૨૭૬ લોકોની પીવાના પાણીની જરૂરીયાત સંતોષાશે. એટલું જ નહીં આ ભવિષ્યમાં વસ્તી વધીને બે લાખથી વધુ થઇ જાય તો પણ પીવાના પાણી માટેની સમસ્યા નહીં સર્જાય એ રીતનું આયોજન કરાયું છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સાંસદએ જણાવ્યું કે, આ યોજના અંતર્ગત લીમખેડા તાલુકાના ૪૩, સીંગવડ તાલુકાના ૧૮, ઝાલોદ તાલુકાના ૩ એમ કુલ ૬૪ ગામોને લાભ મળશે. કડાણા બલ્ક પાઈપલાઈન આધારિત રૂ. ૧૦૧.૮૯ કરોડની લીમખેડા જુથ પાણી પુરવઠા યોજનાને વહીવટી મંજૂરી મળી છે અને તેની કામગીરીનો આજથી શુભારંભ કરાયો છે.

તેમણે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી નક્કર કામગીરી કરવામાં આવી છે. કડાણા અને નર્મદા આધારિત વિવિધ યોજનાઓ થકી જિલ્લામાં પાણી ગામે ગામ પહોંચતા કરવા સરકાર પ્રતિબદ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું.

લીમખેડા જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત લાભાર્થી ગામોને નવીન જુથ યોજનાના કરમદી હેડવર્કસ મારફતે વિતરણ વ્યવસ્થાની પાઈપલાઈન મારફતે જરૂરીયાત મુજબના સ્ટોરેજ સ્ટ્રકચર બનાવી ગામના સૂચિત ભૂર્ગભ સંપ સુધી પુરૂ પાડવામાં આવશે.

યોજનાના સોર્સ તરીકે કડાણા ડેમ બલ્ક પાઈપલાઈન આધારિત યોજના અન્વયે ભાણાસિમલ ગામ નજીક બનાવવામાં આવનારા ઈન્ટેકવેલનો ઉપયોગ કરાશે.

યોજનામાં કડાણા ડેમ આધારિત બલ્ક પાઈપલાઈન યોજનાના ઈન્ટેકવેલ થી કરમદી હેડવર્કસ સુધી કુલ ૪ પંપીગ સ્ટેશન દ્વારા પંપીગ કરી કુલ ૭૦ કિ.મી. પાઈપલાઈન મારફતે પાણી પુરવઠો કરમદી હેડવર્કસ ખાતે પહોંચતો કરાશે.

કરમદી હેડ વર્કસ ખાતે ૨૦.૭૦ એમએલડી ક્ષમતાના ફીલ્ટર પ્લાન્ટ મારફતે કુલ નંગ ૬૭ નંગ (૦.૧૦ લાખ લીટર ૩૮ લાખ લીટરની ક્ષમતા)ના સંપ તથા ૪૦ નંગ (૦.૨૦ લાખથી ૫.૫૦ લાખ લીટર સુધીની ક્ષમતા)ની ઉંચી ટાંકી, ૩૮૦૪૨૪ મીટર પીવીસી પાઈપલાઈન, ૮૯૧૦૬ મીટર મેટાલીક પાઈપલાઈન મારફતે સમાવિષ્ટ ગામોમાં પીવાનું પાણી પહોંચાડવાનું આયોજન છે. આ યોજના પૂર્ણ થયેથી સમાવિષ્ટ ગામોની ૧.૩૩ લાખની વસ્તીને દૈનિક ૧૦૦ લીટર માથાદીઠ પીવાનું પાણી મળી રહેશે.

આ વેળા ધારાસભ્ય શૈલેષ ભાભોર સહિતના પદાધિકારીઓ તેમજ યોજના સલગ્ન અધિકારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# દે.બારિયા તાલુકાના ડભવા ગામે SSCની પરીક્ષા આપી ઘરે જતી ચાર વિદ્યાર્થીનીઓને વાહન ચાલકે અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના ડભવા ગામે SSC પરીક્ષા આપવા આવેલી ગામની ચાર વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપી પરત ઘરે સાગટાળા જતા નડ્યો અકસ્માત પાછળ થી આવેલ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે ચાર વિદ્યાર્થીનીઓને અડફટે માં લેતા ચાર વિદ્યાર્થીનીઓને ગંભીર ઈજા અકસ્માત થતા પરીવારજનો સહિત પોલીસ ઘટના સ્થળે વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર પોલીસે તપાસ હાથ ધરી.



પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ તાલુકાના ડભવા ગામે સર્વોદય વિદ્યામંદિર શાળા સાગટાળા માં હાલ મા SSCની પરીક્ષા ચાલતી હોય અને આ પરીક્ષામાં આસપાસના વિસ્તારના અનેક વિદ્યાર્થીઓ SSCની પરીક્ષા આપવા આવતા હોઈ જે પરીક્ષાને લઈ આજે સાગટાળા ગામની બે બહેનો હંસા નરવતભાઈ નાયક ઉ.વ. ૧૬, દક્ષા નરવતભાઈ નાયક ઉ.વ. ૧૬ તેમજ ફળિયાની સેજલ રમેશભાઈ નાયક ઉ.વ. ૧૬, ધર્મિષ્ઠા મહેશભાઈ નાયક ઉ.વ. ૧૬ એમ ચાર વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપવા માટે સવારે ડભવા સર્વોદય વિદ્યામંદિર શાળામાં આવી હતી અને બપોરના પેપર પુરૂ થતા દોઢ વાગ્યાંના અરસામાં આ ચાર વિદ્યાર્થીનીઓ સાથે પોતાના ઘરે જવા નિકળેલ તે વખતે શાળા થી થોડે દુર જતા પાછળ થી એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ગફલત રીતે હંકારી લાવી આ રસ્તાની બાજુમાં ચાલતી ચારે વિદ્યાર્થીનીઓને એક પછી એક એમ અડફટેમાં લેતા ચારે વિદ્યાર્થીનીઓ રોડ ની સાઈટ મા ફંગોળાઈ ગઈ હતી. જે વખતે નજીકમા ચાલતા અન્ય ગ્રામજનો તેમજ અન્ય વિદ્યાર્થીઓ આ અકસ્માત જોતા દોડી આવ્યા હતા અને જોતા આ ચારે વિદ્યાર્થીનીઓને ઈજા થતાં તેમના પરિવારજનોને જાણ કર્તા તેઓ પણ દોડી આવ્યા હતા. તેમજ આ બનાવની જાણ સ્થાનિક પોલીસને કરતા પોલીસ પણ દોડી આવી હતી અને આ ઈજાગ્રસ્ત ચારેય વિદ્યાર્થીનીઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં દેવગઢ બારીયાની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થ ખસેડવામાં આવી હતી. બીજી તરફ આ ચારેય વિદ્યાર્થીઓને અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને નાશી છૂટ્યો હતો. ત્યારે ધર્મિષ્ઠા નાયકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યારે અન્ય ત્રણને પણ વધુ સારવાર અર્થે બહાર ખસેડવામાં આવે તેમ દેખાય આવ્યું હતું. ત્યારે પોલીસે ડભવા ગામમાં અકસ્માત સર્જી નાશી છૂટેલા ચાલકને ઝડપી પાડવા માટે સીસીટીવી તપાસી સ્થાનિક લોકોની પૂછપરછ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે આરોગ્યકર્મીઓને શ્રેષ્ઠ કામગીરી માટે સન્માન કાર્યક્રમ યોજાયો

દાહોદ,

વિશ્વ ક્ષય દિવસની ઉજવણી અંતર્ગત ગત રોજ દાહોદ જીલ્લાના મથકમાં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે હેલ્થ સ્ટાફનો એવોર્ડ વિતરણ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી પણ ઉપસ્થિત રહ્યાં હતા.

જેમાં જીલ્લામા ૨૦૨૨ ની અંદર શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મેડિકલ ઑફિસર, કોમ્યુનિટી હેલ્થ ઑફિસર, લેબોરેટરી ટેકનીશ્યન, ફાર્માશિષ્ટ, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ટ્રીટમેન્ટ સપોર્ટર, ટીબીમાંથી સીનીયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર, સીનીયર લેબોરેટરી સુપરવાઈઝર , ટીબી હેલ્થ વિઝીટર, જેવી કેડરને ટ્રોફી અને સર્ટીફીકિટ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતા.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વર્લ્ડ ટીબી ડે ૨૪ માર્ચ ની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જીલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જીલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ઉર્મિલાદીદી, મુખ્ય જીલ્લા તબીબી અધિકારી ડો નરેન્દ્ર હાડા, એપેડેમિક મેડિકલ ઑફિસર ડો નયન જોષી, જીલ્લા ક્ષય અધિકારી ડો આર. ડી.પહાડીયા, જીલ્લા ક્ષય કેન્દ્રના મેડિકલ ઑફિસર ડો એ. આર ચૌહાણ અને ડો વનરાજ હાડા સહિતના મુખ્ય મહેમાન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી એ ટીબીમાં ખૂબજ સારી કામગીરી કરવામાં આવે છે. સગર્ભા બહેન, નાના બાળકો મોટી ઉંમરના વ્યક્તિઓમાં કુપોષણ ના અભાવ ના કારણે પણ ટીબી થઈ જાય છે, કર્મચારીઓ દ્વારા પણ ખૂબજ સુંદર કામગીરી કરવામાં આવે છે. પ્રાઈવેટ ડોકટરોનો પણ ખુબજ સારો સાથ સહકાર મળી રહે છે અને પ્રધામંત્રીના ટીબી મુકત ભારત ને સફળ બનાવવાં નિક્ષય મિત્ર બનીને દર્દીઓને મદદ કરવા પણ જણાવ્યું હતું. જીલ્લા પંચાયત પ્રમુખ શીતલ બેન વાઘેલા દ્વારા પણ ટીબી દિવસ પર કર્મચારીઓ ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જીલ્લામાં ટીબીના કેસ ઝડપી શોધી સારવાર પર મુકી અને સરકારની યોજનાનો લાભ આપવા તેમણે જણાવ્યુ હતું.

દાહોદ જીલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૪૧૭ નિક્ષય મિત્ર દવારા કુલ ૧૪૫૬ દર્દીઓ ને પોષણ કીટ આપવામાં આવી છે. નિક્ષય પોષણ યોજના અંતર્ગત દાહોદ જીલ્લા માંવર્ષ ૨૦૨૨/૨૦૨૩કુલ ૮૨૭૩દર્દીઓ ને ૧,૮૯,૨૯,૫૦૦, વર્ષ ૨૦૨૧/૨૦૨૨ માં ૬૪૨૬દર્દીઓ ને ૧,૫૬,૬૮,૦૦૦, વર્ષ ૨૦૨૦/૨૦૨૧માં ૬૩૫૨દર્દીઓ ને ૧,૮૨,૫૨,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. ટ્રાયબલ ટીબીના દર્દીઓને ૨૦૨૨/૨૦૨૩માં કુલ ૬૭૦૧દર્દીઓ ને ૫૦,૨૫,૭૫૦, વર્ષ ૨૦૨૧/૨૦૨૨માં ૪૭૩૩ દર્દીઓને ૩૫,૪૯,૭૫૦, વર્ષ ૨૦૨૦/૨૦૨૧માં ૬૦૨૧દર્દીઓ ને ૪૫,૧૫,૭૫૦ રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે.

## દાહોદમાં પાંચમી રામયાત્રામાં

# રામચરિતમાનસની વિશાળ કૃતિ મુખ્યઆકર્ષણ, સારંગપુરના હનુમાનજીની આબેહૂબ પ્રતિમાના દર્શનની તક

દાહોદ,

રામયાત્રાની ઉજવણીના ભાગ રૂપે ઠક્કર ફળિયા સ્થિત રાજરાજેશ્વરી મંદીરથી માંડીને સ્ટેશન રોડ સુધીના રૂટનો શણગાર કરવામાં આવ્યો છે. ઉજવણીના આયોજન માટે રામ યાત્રા સેવા સમિતિના સભ્યોની શહેરના તમામ સમાજના આગેવાનો, ધાર્મિક મંડળો, સંસ્થાઓ અને સામાજિક સંગઠનોના અગ્રણીઓ સાથે બેઠક થઈ હતી. જેમાં કાર્યક્રમને સફળ બનાવવાની અપીલ સાથે સર્વે દ્વારા અપાયેલા સૂચનો અને માર્ગદર્શન મુજબ આયોજનો કરાયા છે. વિવિધ ઝાંખીઓ આકર્ષણ જમાવશે. આ વર્ષે પાંચમી રામ યાત્રામાં રામના જીવન ચરિત્રને લગતી ૯ જેટલી ઝાંખીઓ સાથે પારંપરિક ૨૧ ઢોલ ત્રાંસા, ડીજે પણ રંગ જમાવશે. અખાડા પણ આકર્ષણ જમાવશે. વિવિધ ૧૮ ટેબ્લો સાથે વિવિધ કલાકારો દ્વારા તૈયાર કરાઈ રહ્યા છે. વિશાળ રામચરિતમાનસની કૃતિ મુખ્ય આકર્ષણ છે. ત્યારે એક ઝાંખી કોટા-રાજસ્થાનથી ખાસ આવશે. રામ દરબારની સાથે સારંગપુરના હનુમાનજીની પ્રતિમા ને નિહાળવાની તક પણ મળશે. ભગિની સમાજથી યાત્રા નીજ મંદિરે પરત ફરશે. આ વખતે ઠક્કર ફળિયાથી નીકળનારી યાત્રા બસ સ્ટેન્ડ થઈ ભગિની સમાજ, બીરસામુંડા ચોકથી પરત ફરી રેલવે સ્ટેશન રોડ થઈને નીજ મંદીરે પહોંચશે. યાત્રામાં વિભિન્ન ૨૮ જેટલા મંડળો,ભજન મંડળીઓ પોતાના ડ્રેસ કોડમાં રામયાત્રામાં આકર્ષણ જમાવશે. રામયાત્રા માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# DDO નેહા કુમારીની ગત મોડી રાત્રીએ પીપલોદ ખાતેના કમ્યુનીટી હેલ્થ સેન્ટર ખાતે ઓચિંતી મુલાકાત



દાહોદ,

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ગત મોડી રાત્રીએ પીપલોદ ખાતેના કમ્યુનીટી હેલ્થ સેન્ટરની ઓચિંતી મુલાકાત લીધી હતી. મધ્યરાત્રીની આ મુલાકાત સમયે અહીંના આરોગ્યકર્મીઓ નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી રહ્યાં હતા. તેમજ સગર્ભા માતાઓ અને નવજાત શિશુની કાળજી લઇ રહ્યાં હતા. અહીંના તબીબી સહિતના આરોગ્યકર્મીઓની નિષ્ઠા સાથેની કામગીરીથી તેઓ પ્રભાવિત થયા હતા. અહીંના કમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે છેલ્લા ૮ વર્ષમાં એક પણ માતા મરણ થયું નથી એ જાણીને તેમણે આરોગ્યકર્મીઓની પીઠ થાબડી હતી અને આ પ્રકારની કામગીરી ચાલુ રાખવા જણાવ્યું હતું. ડીડીઓએ આ વેળા માતાઓને કાગારૂ મધર કેર, સ્તનપાન અને પોષણ વિશેની સમજ આપી હતી. અહીંના સેન્ટર માટે નવી બિલ્ડીંગ માટેની ગ્રાન્ટ મંજૂર થઈ હોય માળકાકીય સુવિધાઓના પ્રશ્નોનો પણ ઝડપથી નિકાલ આવશે તેમ ડીડીઓએ જણાવ્યું હતું.

# સંજેલી નગરમાં દૈનિક પ્રાથમિક સુવિધા આપવા TDO રજુઆત કરાઈ




દાહોદ,

રમજાન મહિનામાં વિવિધ વિસ્તારોમાં સફાઈ અને નિયમિત પાણી મળી રહે તે માટે અનીશભાઈ ડબ્બા દ્વારા તાલુકા સહિત સંજેલી પંચાયતને લેખિત રજૂઆત કરવામાં આવી. મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન માસનો મહિનાનો પ્રારંભ થઇ ચુક્યો છે. ત્યારે રમજાન મહિનામાં રોજમદારોને તકલીફ ન પડે તે માટે સંજેલી નગરના મુસ્લિમ વિસ્તારમાં નિયમિત સાફ-સફાઈ કરાવવા અને નિયમિત પાણી આપવા આગોતરૂં આયોજન કરવા માટે સંજેલીના અનીશભાઈ ડબ્બા દ્વારા તાલુકા પંચાયત તેમજ સંજેલી પંચાયતને લેખિત રજૂઆત કરવામાં આવી છે સંજેલીની વિવિધ વિસ્તારો તેમજ રસ્તાઓ પર સાફ-સફાઈ અને જંતુનાશક દવાનો છંટકાવ પૂરતા પ્રમાણમાં પિવાનું પાણી આપવું અને બંધ પડેલ સ્ટ્રીટ લાઈટો સત્વરે ચાલુ કરવામાંમાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. સંજેલી નગરમાં તારીખ ૨૩મી માર્ચથી પવિત્ર રમજાન શરૂ થઈ ચુક્યો છે. જ્યારે આ વખત રમજાન માસ ઉનાળાની ઋતુમાં આવનાર હોવાથી રમઝાન માસને ધ્યાને લઈ અનીશભાઈ ડબ્બા દ્વારા પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટે સંજેલી તાલુકા વિકાસ અધિકારી તેમજ સંજેલી પંચાયતને ધાર ધાર રજૂઆત કરવામાં આવી હતી. કૂવામાં માં દૈનિક પાણી આપે તેટલું પાણી છે, પણ સંજેલી ગ્રામ પંચાયતમાં પાણી નથી.

# ચિત્રોડીયા ગામે આર્મી જવાન અરવિંદ ભરત કટારા દ્વારા રામદેવ મંદિરે ભવ્ય હોમ હવન અને ભંડારાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તા.૨૫/૩/૨૩ ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા ગામે દેવલા કટારા ફળિયામાં રામદેવજી મંદિર આવેલુ છે. હાલમા પવિત્ર ચૈત્રી નવરાત્રીના દિવસો ચાલી રહ્યા છે. ત્યારે ગામના અરવિંદભાઈ ભારતીય સેનામા ફરજ બજાવે છે. હાલ રજાપર હોય અને તેઓને હાલ અખંડ ચૈત્રી નવરાત્રીનુ વ્રત ચાલે છે અને બાબા રામદેવજી મંદિરનો પણ વાર્ષિક પાટોત્સવ આવતો હોય તેમના દ્વારા તેમજ ભક્તોના સહયોગ થી ભવ્ય ધાર્મિક કાર્યક્રમ અને ભંડારાનુ આયોજન કરવામાં આવ્યું હતું. હોમ હવન બાદ એકલ વિદ્યાલયના હરિકથા ના કાર્યકર્તા મોહનભાઈ અને બહેનો દ્વારા સુંદર રીતે સુંદરકાંડ કરવામાં આવ્યો હતો. અને ચિત્રોડીયા ગામ તથા આસપાસના ગામોના અનેક ભાવિક ભક્તોએ આ કાર્યક્રમનો લાભ લિધો હતો. સાંજના મહાઆરતીમા પણ અનેક ભક્તો જોડાયા હતા અને ભોજન પ્રસાદ લિધો હતો. આ કાર્યક્રમ માં સુરેશાનંદજી મહારાજ અને સામાજીક આગેવાન અજીતદેવ પારગી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં અને ભજન સત્સંગ વખતે ભક્તોની સભાને સંબોધી હતી અને પૂ.રામદેવજી મહારાજનુ જીવન અને આજની પરિસ્થિતિ અને આદિવાસી સમાજની સ્થિતિ વિશે પ્રકાશ પાડ્યો હતા અને આપણા સાંસ્કૃતિક ગૌરવને આગળ ધપાવવા આહ્વાન કર્યુ હતું. ભોજન પ્રસાદમાં મુકેશભાઈ ગારીજી એ સરસ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં હિન્દુ સંગઠનોના કેટલાક કાર્યકર્તાઓ અને ગામના આસપાસના આગેવાનો મનિષભાઈ પંચાલ, દેવભાઈ પિઠાયા, રમસુભાઈ કટારા, સુરેશભાઈ વસૈયા મુકેશભાઈ વસૈયા જેવા આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને અરવિંદભાઈ કટારા તથા મંદિર સમિતિના ભાઈઓને સરસ કાર્યક્રમ આયોજિત કરવા બદલ જાહેર આનંદ વ્યક્ત કર્યો બતો.

# ફતેપુરા આર્ટસ કોલેજ ખાતે વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા આર્ટસ કોલેજ ખાતે વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આર્ટસ કોલેજના પાટનગણમાં સંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ વાર્ષિક મહોત્સવની ઉજવણી દરમિયાન વર્ષ દરમિયાન થયેલા વિવિધ કાર્યક્રમો તેમજ નેશનલ લેવલે કરેલા કાર્યક્રમમાં મેળવેલ નંબરના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત આર્ટસ કોલેજ ખાતે અભ્યાસ કરતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બોલાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આર્ટસ કોલેજમાંથી પાસ થઈને સરકારી તેમજ અર્ધ સરકારી સંસ્થાઓમા નોકરી કરતા વિદ્યાર્થીઓને બોલાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજમાં થયેલા વિવિધ કામોની સંસદ દ્વારા પ્રશંસા કરવામા આવી હતી. આજના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓએ મોબાઈલને છોડીને સાહિત્યને અપનાવું જોઈએ શિક્ષણ એ સર્વ પરી છે. શિક્ષણ એ જીવનનો ઘડતર સમજીને મોબાઈલ, ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામને છોડીને અભ્યાસ ઉપર ધ્યાન આપવું જોઈએ આ આધુનિક સામગ્રી તો જીવન જીવો ત્યાં સુધી ચાલ્યા કરશે પરંતુ શિક્ષણ પાછું મળશે નહીં પહેલા પોતાની કારકિર્દી બનાવો ત્યારબાદ જ મોબાઈલ તેમજ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરો તેવું જણાવ્યું હતું. કોલેજ કક્ષાએ વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ફતેપુરા આર્ટસ કોલેજ ખાતે આદિવાસી મ્યુઝિયમ બને તેમ જ આદિવાસી પરંપરાઓ આદિવાસી લોક નૃત્ય તેમજ આદિવાસી બોલે ઉપર નવલકથા લખાય તેવું આયોજન પણ ભવિષ્યમાં કરવામાં આવશે તેવું પ્રોફેસર પિયુષ પરમારે જણાવ્યું હતું. આ પ્રસંગે ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશ કટારા લીમખેડા વિધાનસભાના ધારાસભ્ય શૈલેષ ભાભોર દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકર આમલીયાર ઝાલોદ આર્ટસ કોલેજના માજી પ્રિન્સિપાલ રાવ તેમજ વિવિધ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



સબજેલ દાહોદમાં GSNP + અંતર્ગત ચાલી રહેલ શુભેક્ષા + પ્રોજેક્ટ અને DAPCU દ્વારા ICTC કાઉન્સિલર, ICTC લેબ ટેક્નિશિયન જેલર ગોપાલ વણઝારાની ઉપસ્તિમા જિલ્લા સબજેલ દાહોદ ખાતે તારીખ ૨૫-૩-૨૦૨૩ ના રોજ નવા આવેલ બંદીવાન ભાઈઓ તથા બહેનોના રેગ્યુલર એચ.આઈ.વી, એસ.બી.એસ.જી, એસ.સી.વી, આર.પી.આરના કુલ ૪૪ ભાઈઓ તથા ૪ બહેનોને અવરનેસ ટેસ્ટિંગ અને આઈ.ઈ.સીડ વિતરણ કરવામાં આવ્યા. એચ.આઈ.વી, એસ.બી.એસ.જી, એસ.સી.વી, આર.પી.આર.ના કુલ ૪૪ ભાઈઓ તથા ૪ બહેનોને અવરનેસ ટેસ્ટિંગ અને આઈ.ઈ.સી. વિતરણ કરવામાં આવ્યા.

ગરબાડા તાલુકાના ભે ગામના એક ખેડૂતે પોતાના ખેતરમાં હાલમાં ગુલાબની ખેતી કરી છે અને જેના થકી તેઓ રોજની સારી આવક મેળવી રહ્યા છે. ગુલાબના ફૂલોના ખેતરનો આ નજારો અત્યંત મનમોહક લાગી રહ્યો છે. ગુલાબની ખેતી કરનારા ખેડૂત સાથે વાત કરતા જણાવ્યું હતું કે, હાલમાં લગ્નની મોસમ છે તો ફૂલોનું વેચાણ સારૂ થાય છે.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.182

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પાવાગઢ યાત્રાધામમાં ચૈત્રી નવરાત્રીના પાંચમાં દિવસે શ્રધ્ધાળુંઓને ઘોડાપુર



**પાવાગઢ મંદિરે દર્શન માટે આવતાં દર્શનાર્થીઓ માંચી થી રોપ વે દ્વારા મંદિર પહોંચવા માટે પણ ભારે ભીડ જોવા મળી ટીકીટ લીધા પછી પણ દર્શનાર્થીઓને રોપ વેમાં નંબર આવતાં બે થી ત્રણ કલાક ગરમીમાં પરેશાન થવું પડયું.**

**- અવ્યવસ્થા ન સર્જાય માટે મંદિર ટ્રસ્ટ અને પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો.**
**- ST નિગમ દ્વારા પાવાગઢ ખાતે વધારાની ૬૦ ST બસની વ્યવસ્થા કરાઈ.**

ગોધરા, પાવાગઢ યાત્રાધામ ખાતે ચૈત્રી નવરાત્રીના પાંચમાં દિવસે લાખો માંઈ ભકતોનું ઘોડાપુર ઉમટયું હતું. માંઈ ભકતો કલાકો સુધી લાંબી કતારમાં ઉભા રહીને ભાવિ ભકતોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રવિવારનો દિવસ અને ચૈત્રી નવરાત્રીને લઈ માંઈ ભકતો દર્શનાર્થે ઉમટયા હતા.

શકિતપીઠ પાવાગઢ યાત્રાધામ ખાતે ચૈત્રી નવરાત્રીમાં ડુંગર ઉપર બિરાજમાન મહાકાળી માતાના દર્શન માટે લાખો ભકતો ઉમટી પડયા હતા. પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ચૈત્રી નવરાત્રીમાં માંઈ ભકતોની ભીડ અને સુરક્ષાને લઈ મંદિર ટ્રસ્ટ, જીલ્લા પોલીસ વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી. જેમાં ૩ ડી.વાય.એસ.પી., ૮ પી.આઇ., ૩૦ પી.એસ.આઈ., ૨૫૦ પોલીસ કોન્સ્ટેબલ, મહિલા પોલીસ કર્મી, હોમગાર્ડ, જીઆરડી સહિત ૭૦૦ જેટલા પોલીસ કર્મીઓને સુરક્ષા માટે સજજ કરાયા છે. એસ.ટી. નિગમ દ્વારા ચૈત્રી નવરાત્રીને લઈ પાવાગઢ તળેટી થી માંચી સુધી વધારાની ૬૦ એસ.ટી.બસોની સુવિધા ઉભી કરાઈ છે. આજે પાંચમાં દિવસ અને રવિવારનાર સંજોગ ઉભા થતાં માંઈ ભકતોનો ધસારો વધારે જોવા મળ્યો હતો.

ચૈત્રી નવરાત્રીના પાવન પર્વમાં પાવાગઢ શકિતપીઠ ખાતે દર્શનાર્થે આવતાં માંઈ ભકતોના સ્વાસ્થ્યને દયાનમાં રાખીને હાલોલ કલેકટર એશોસીયન દ્વારા ડાંકટરની ટીમ પણ ઉપસ્થિત રાખવામાં આવી છે.

# ગોધરા ચિખોદ્રાની નોંધ નં.૨માં રે.મું.નં.૧૪/૨૦૨૨માં ચેરીટી કમિશ્નરોના હુકમો સાથે કાયદા અંગે જવાબ રજુ થાય તેવી માંગો

**રે.સ.નં.૩૫૦/૩૫૧/૩૫૨ માં દાવા નં.૧૪/૨૦૨૨માં નોંધ નં.૨ વાળી મિલ્કતોમાં સરકારી બાબુઓ જાહેર કરશે કે કરાવશે**

પંચમહાલ સમાચાર/ગોધરા, ગોધરા તાલુકાના ચિખોદ્રાના રે.સ.નં.૩૫૦/૩૫૧/૩૫૨ વાળી જમીનો રામજી મંદિરની નોંધ નં.૨ થી આવેલી છે અને આ જમીનો મુસ્લીમ કોમના આગળ પડતા કોંગ્રેસમાં જોડાયેલા તેવા ઈસમો દ્વારા કોઈપણ જાતની ચેરીટી કમિશ્નરો જે તે સમયના પરમીશન વગર ટ્રસ્ટની રામજી મંદિરની જમીનોમાં કાયદા વિરૂદ્ધના વેચાણ દસ્તાવેજો કરી કરાવી અન્ય પ્રકારના ફેરફાર કરી કરાવી નાખેલ અને તે અંગે તે જમીનો ઉપર કેપસુલ કંપની નાંખી વર્ષો સુધી ધાર્મિક જમીનો ઉપર ગેરરીતિઓ મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા દાનની મિલ્કતો ઉપર કાયદા બહારના વહીવટો વાપરી રામજી મંદિરની મિલ્કતો જે ચિખોદ્રાની ખુબ જ મોટા પ્રમાણની આવેલી તમામ (કરોડો, ખરબો)ની જમીનોમાં મોટી મોટી કંપનીઓ, ઉદ્યોગો નાંખી તમામ મોટા પ્રકારની રામજી મંદિરની મિલ્કતો મુસ્લીમ કોમના ખુબ જ મોટા પ્રમાણમાં આગળ પડતા અને મોટી મોટી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા મોટી મોટી લાંચરૂશ્વતો આપતાના મેળાપીપણામાં તમામની તમામ મિલ્કતો રામજી મંદિરોની જમીનો રફેદફે કરી કરાવી નાખેલ છે. આમ, રે.સ.નં.૩૫૦/૩૫૧/૩૫૨ વાળી જમીનો મોટા પ્રમાણે લાંબા ગાળા સુધી બંધ પડેલ હતી અને તે જમીનો ઉપર પ્લોટીંગ પાડી રામજી મંદિરની નોંધનં.૨ દુર કરી કરાવી દસ્તાવેજો કરી કરાવેલ છે. જે રેવન્યુ હકીકતો જોતા નજરે જણાઈ આવે છે. આમ, આ મિલ્કતો ઉપર ગોધરાના ખુબ જ આગળ પડતા અને મુસ્લીમ સમાજના આગેવાન ફિરદોશ અ.હકીમ કોઠી દ્વારા ચાલુ વર્ષમાં બીજી વખત દસ્તાવેજો બનાવેલ છે. આમ, અગાઉ વેચાણ દસ્તાવેજો હોવા છતાં ચાલુ વર્ષમાં દસ્તાવેજો બનાવેલ છે. જે બાબતે આગળ વેચાણ દસ્તાવેજો અંગે પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરાને આવેદનપત્ર આપવામાં આવેલ છે, પરંતુ આવેદનપત્રમાં આપેલ મુળ રામજી મંદિરની નોંધ નં.૨ દર્શાવવામાં આવેલ નથી કે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મુળ હકીકતો આવેદનપત્ર મોકલેલ છે કે નહી અને રામજી મંદિરોની મિલ્કતોની નોંધ નં.૨ દર્શાવવામાં આવેલ છે કે નહીં જો આ બાબતે જીલ્લા કલેકટર દ્વારા નોંધ નં.૨ બાબતે કાળજી લીધેલ હોય તો હાલ દસ્તાવેજો ઉપરાછાપરી કરી કરાવી રહ્યા છે. જો આ બાબતે ગોધરા શહેર વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ પુરેપુરા જવાબદાર છે. જે નિયમીત જવાબદારી અંગે ઈ–ધરા શહેર દ્વારા ગોધરા સબરજીસ્ટ્રેટ કચેરીનું ધ્યાન દોરી દસ્તાવેજો અટકાવવા હિન્દુ સંગઠનની પોતાની માલિકી મિલ્કતોની માંગો છે. અને રે.સ.નં.૩૫૦/૩૫૧/૩૫૨ વાળી મિલ્કતો ઉપર મુસ્લીમ કોમના ઈસમો દ્વારા ગોધરા સિવીલ કોટ રે.મું.નં.૧૪/૨૦૨૨ નારોજ દાખલ કરેલ બાબતે પંચમહાલ જીલ્લા તમામ વિભાગો તેમજ ફીરદોશ અ.હકીમ કોઠી વિગેરે અને ગુજરાત સરકારને પ્રતિવાદી તરીકે જોડેલ છે. જેથી રેવન્યુ હકીકતો વિભાગ તરફથી ચકાસવામાં આવે અને ગોધરા મામલતદાર તથા ગ્રામ્ટ મામલતદાર રે.મુ.નં.૧૪/૨૦૨૨માં નોંધ નં.૨ સાથે ધાર્મિક જમીનો અંગે વિગતોવાર સિવિલ કોર્ટમાં જવાબ રજુ કરે તો કરેલ દસ્તાવેજો અને આપેલ પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા દ્વારા સખત સુચનાઓના આધારે યોગ્ય ગેરરીતિઓ કરેલ અંગેની તપાસ થાય અને રે.મુ.નં.૧૪/૨૦૨૨ ગોધરા વિભાગ મહેસુલી અધિકારી દ્વારા નોંધ નં.૨ સહિતની પુરેપુરી વિગતો સાથે જવાબ થાય તેવી હિન્દુ સંગઠનની માંગો છે. આમ, પંચમહાલ જીલ્લાના કર્મચારીઓ અધિકારીઓ દ્વારા ધાર્મિક મિલ્કતો ઉપર મોટી મોટી લાંચ રૂશ્વતો લઈ અનેક પ્રકારની શતરંજની ચાલો ચાલી રહ્યા છે. જો જો નોંધ નં.૨ વાળી ચિખોદ્રાની જમીનો અંગે મામલતદાર દ્વારા સંપૂણ હકીકતો સાથે સિવીલ સુટ નં.૧૪/૨૦૨૨માં રેવન્યુ રેકર્ડ રૂલ્શ વહીવટી મુજબ તથા ચેરીટી કમિશ્નરો જે તે સમય કોર્ટની નોંધો ચકાસણી સાથે જવાબો રજુ કરેલ તો યોગ્ય રામજી મંદિરની કાયદા વિરૂદ્ધની તમામે તમામ ગેરરીતિઓ તથા અન્ય વિગતો બહાર આવે તેમ છે અને રામજી મંદિરોની વહીવટદારો તથા ચેરીટી કમિશ્નરો કોર્ટ કાયદા વિરૂદ્ધ ગેરરીતિઓ આકાશ થી પાતાળ સુધી જણાય આવે તેમ છે.

સિવિલ સુટ રે.સ.નં.૧૪/૨૦૨૨ માં વાદીઓ દ્વારા મનાઈ હુકમ માંગવામાં આવેલ છે. તેમાં ગુજરાત રાજ્ય સરકાર તથા પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ જવાબદારીઓને પ્રતિવાદીઓ તરીકે જોડવામાં આવેલ છે. જેથી નોંધ નં.૨ મુળનો ઉલ્લેખ તેઓને જવાબ પુરાવા સાથે રજુ કરવાનો થાય છે. આ બાબતે સરકાર સાથે વિશ્વાસઘાત તથા આવેદનપત્ર સાથે વિશ્વાસઘાત ના થાય તેની કાળજી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા કરશે કરાવશે કે નહીં તે જોવાનું રહ્યું છે.

# હાલોલ સાર્વજનિક બગીચામાં તોફાની અસામાજીક તત્વોનો ત્રાસ



**જાહેર સંપતિનું નુકશાન કરતાં તત્વો ઉપર કાર્યવાહીની માંગ**

હાલોલ, હાલોલ નગરપાલિકાને અડીને આવેલા સાર્વજનિક બગીચામાં આજે વહેલી સવારે કેટલાક તોફાની અસામાજિક તત્વોએ ઉત્પાત મચાવી બગીચામાં આવતા નગરજનોને બેસવા માટે મુકવામાં આવેલા બાંકડાઓ પાડી દઈ કેટલાક બાંકડાઓ તોડી નાખ્યા છે. આ જાહેર સંપત્તિનું નુકસાન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ સોશિયલ મીડિયા ઉપર અને શહેરીજનો કરી રહ્યા છે.

હાલોલ નગરના વડોદરા રોડ ઉપર નગર પાલિકાના કોમ્યુનિટી હોલને તદ્દન અડીને આવેલા મણીબેન સાર્વજનીક બગીચામાં અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. નગરની મહિલાઓ અને બાળકો બગીચામાં બેસવા કે ફરવા માટે જઈ શકતા નથી. હાલોલ નગર પાલિકા દ્વારા જાહેર સૂચના બોર્ડ લગાવી બગીચામાં આવતા લોકોને શારીરિક ઈજાઓ અને માનસિક તકલીફો પડે તેવી રમતો નહીં રમવા માટે જણાવવામાં આવ્યું હોવા છતાં બગીચો ક્રિકેટનું મેદાન બની ગયો છે. સાર્વજનિક સંપત્તિ બગીચામાં દિવસ દરમિયાન અસામાજિક તત્વો દિવસ દરમિયાન ગંજીપાના રમવા માટે ઉપયોગ કરે છે. ભદ્ર સમાજની મહિલાઓનું બગીચામાં બેસવા કે ફરવા માટે જવું દુસ્વર બની ગયું છે. નગર પાલિકા દ્વારા બગીચામાં લગાવામાં આવેલા સીસીટીવી કેમેરા બંધ હોવાથી અહીં તોફાની તત્વોને મોકળું મેદાન મળી જતા આજે વહેલી સવારે બગીચામાં તોડફોડ કરવામાં આવી હતી. ગત રાત્રે ૧૧ વાગ્યા પછી બગીચો બંધ કરવામાં આવ્યો હતો. ત્યારે અહીં કોઈ નુકશાન કરવામાં આવ્યું ન હોવાનું કેટલાક લોકો જણાવી રહ્યા હતા. વહેલી સવારે પાલિકા દ્વારા ૬ વાગ્યે બગીચો ખોલવામાં આવ્યો. ત્યારે કેટલાક અસામાજિક તત્વો બગીચામાં ઘુસ્યા હતા અને લોકોને બેસવા માટે મુકવામાં આવેલા બાંકડાઓ ઊંધા વાળી તોડફોડ કરી ઉત્પાત મચાવ્યો હોવાનું જોવા મળતા આ સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. આવા તોફાનીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવા મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ કરી રહ્યા છે.

# ગોધરાના ધોળાકુવા ગામે સુવિધા સોસાયટીના સાઈડ ઉપરથી ૯૦ સેન્ટીંગ પ્લેટોની ચોરીની ફરિયાદ

ગોધરા, ગોધરા ધોળાકુવા ગામે ઈન્ડેન ગેસ ગોડાઉન સાથે આવેલ સુવિધા સોસાયટીની કન્સ્ટ્રકશન સાઈડ ઉપર સેન્ટીંગની નાની મોટી પ્લેટો નંગ–૯૦ કિંમત ૪૪,૪૦૦/–ની ચોરી થતાં ફરિયાદ નોંધાવ પામી. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના ધોળાકુવા ગામે ઈન્ડેન ગેસ ગોડાઉન સાથે આવેલ સુવિધા સોસાયટીમાં દિલીપસિંહ બળવંતસિંહ બારીયાની બાંધકામ સાઈડ ચાલતી હોય આ સાઈડ ઉપરથી સફેદ કલરની કારમાં કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા સેન્ટીંગની મોટી પ્લેટો નંગ–૫૧ અને નાની પ્લેટો નંગ–૯ અને મદ્યમ સાઈઝની ૩૦ પ્લેટો મળી કુલ ૯૦ પ્લેટો કિંમત ૪૪,૪૦૦/– રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.


